## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે પીએમ કિસાન યોજનાનો ૨૧મો હપ્તો અને દક્ષિણ ભારત પ્રાકૃતિક ખેતી શિખર સંમેલન ૨૦૨૫ નું ઉદઘાટનનું જીવંત પ્રસારણ બતાવવામાં આવ્યું

તા. ૧૯/૧૧/૨૦૨૫ ના રોજ અત્રેની કચેરી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, અરણેજ ખાતે પીએમ કિસાન યોજનાનો ૨૧મો હપ્તો અને દક્ષિણ ભારત પ્રાકૃતિક ખેતી શિખર સંમેલન ૨૦૨૫ નું ઉદઘાટનનું જીવંત પ્રસારણ બતાવવામાં આવ્યું. જેમાં ખેડા જીલ્લાના સાંસદશ્રી. દેવુસિંહ ચૌહાણ, ધોળકા તાલુકાના ધારાસભ્ય શ્રી. કિરીટસિંહ ડાભી અને બાવળા તાલુકાના માજી ધારાસભ્ય શ્રી. કાંતિભાઈ લકુમ હાજર રહેલ હતા. સદર કાર્યક્રમમાં અમદાવાદ જીલ્લાના ૧૯૮ ખેડૂત ભાઈઓએ અને ૨૮ બહેનોએ હર્ષભેર ભાગ લીધો હતો. વધુમાં કેવીકે, અરણેજ, કૃસંકે, અરણેજ, તેમજ કૃષિ અને બાગાયત વિભાગ, અમદાવાદ જીલ્લાના અધિકારી અને કર્મચારીગણ હાજર રહેલા હતા.





